પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૩૯ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩, મંગળવાર; ફાગણ સુદ - ૧/૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

બદ્રીનાથ હાઈવે પર મોટી તિરાડો

જોશીમઠ પાસે બદ્રીનાથ હાઈવે પર લગભગ ૧૦ વધુ મોટી તિરાડ જોવા મળી : ચાર ધામ યાત્રા પહેલાં જ તિરાડો સામે આવતા લોકોમાં ફફડાટ : સ્થાનિકોનું કહેવું છે કે, એસબીઆઈ શાખાની સામે, રેલવે ગેસ્ટ હાઉસ પાસે, જેપી કોલોનીની આગળ અને મારવાડી પુલની પાસે હાઈવે પર મુખ્ય તિરાડો છે

દહેરાદુન,તા.૨૦

ઉત્તરાખંડ સરકાર દ્વારા શનિવારના રોજ ચાર ધામ યાત્રા શરુ કરવાની તારીખોની જાહેરાત કરી છે. તો બીજી તરફ, જોશીમઠ પાસે બદ્રીનાથ હાઈવે પર લગભગ ૧૦ વધુ મોટી તિરાડ જોવા મળી હતી. આ હાઈવે બદ્રીનાથના ધાર્મિક શહેર સાથે જોડાય છે અને તે ગઢવાલ હિમાલયમાં સૌથી વધુ મુલાકાત લેવાતા તીર્થ સ્થાનોમાંનું એક છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, જોશીમઠ અને મારવાડી વચ્ચેના ૧૦ કિમીના વિસ્તારોમાં તિરાડો દેખાઈ છે. જોશીમઠ બચાવો સંઘર્ષ સમિતિના પદાધિકારી સંજય ઉનિયાલે જણાવ્યું કે, નાગરિકોનું એક જૂથ કે જે જોશીમઠમાં જમીન ધસવાની સમસ્યાને ઉજાગર કરી રહ્યાં છે. જોશીમઠ પાસે બદ્રીનાથ હાઈવે પર ઓછામાં ઓછી ૧૦ જગ્યાએ નવી તિરાડો સામે આવી છે. રાજ્ય સરકારના દાવાઓથી વિપરીત જૂની તિરાડો પહોળી થઈ રહી છે અને તાજી તિરાડો પણ સામે આવી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે, એસબીઆઈ શાખાની સામે, રેલવે ગેસ્ટ હાઉસ પાસે, જેપી કોલોનીની આગળ અને મારવાડી પુલની પાસે હાઈવે પર મુખ્ય તિરાડો છે. સ્થાનિક નિવાસી પ્રણવ શર્માએ જણાવ્યું કરે, ભૂસ્ખલનથી પ્રભાવિત પહાડી શહેરના રવિગ્રામ નગરપાલિકા

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાતના પૂર્વ રાજ્યપાલ ઓ.પી.કોહલીનું નિધન

ઓમ પ્રકાશ કોહલી ભારતના લોકશાહીના ઉપલા ગૃહ રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય અને ગુજરાતના રાજ્યપાલ હતા

અમદાવાદ,તા.૨૦

ગુજરાતના પૂર્વ રાજ્યપાલ અને ભાજપના વરિષ્ઠ નેતા ઓમપ્રકાશ કોહલીનું ૮૭ વર્ષની વયે નિધન થવા પામ્યું છે. ત્યારે આ દુ:ખદ સમાચારથી રાજકારણમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મુખ્યમંત્રી, નેતાઓ ઓમપ્રકાશ કોહલીને તેમને સોશિય મીડીયાના માધ્યમથી શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. ગુજરાતના પૂર્વ રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલીનો જન્મ ૯ ઓગષ્ટ ૧૯૩૫ માં દિલ્હી ખાતે થયો હતો. તેઓએ દિલ્હી યુનિવર્સિટીમાં અભ્યાસ પૂર્ણ કર્યો છે. ઓમ પ્રકાશ કોહલી ભારતના લોકશાહીના ઉપલા ગૃહ રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય અને ગુજરાતના રાજ્યપાલ હતા. તેઓ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા રાજકારણી છે . તેઓ ૧૯૯૪ થી ૨૦૦૦ સુધી રાજ્યસભાના સભ્ય હતા . તેમણે દિલ્હી યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન (ડ્ટેંછ) અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પ્રમુખની જવાબદારી નિભાવી છે અને ૩૭ વર્ષથી વધુ સમયથી



દિલ્હીની હંસરાજ કોલેજ અને દેશબંધુ કોલેજમાં લેક્ચરર તરીકે સેવા આપી છે. વર્ષ ૧૯૯૯-૨૦૦૦ દરમિયાન, તેઓ ભાજપના દિલ્હી એકમના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા હતા . ઈમરજન્સી દરમિયાન એમઆઈએસએ હેઠળ તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી .દિલ્હી યુનિવર્સિટીમાંથી હિન્દીમાં અનુસ્નાતક પૂર્ણ કર્યું હતું.

ઓમ પ્રકાશ કોહલી એક શિક્ષણશાસ્ત્રી અને રાજકારણી તેમજ લેખક પણ હતા. તેમણે 'ઓન ધ ફ્રન્ટ ઑફ નેશનલ સિક્યુરિટી', 'એજ્યુકેશન પોલિસી' અને 'ભક્તિ કાલના સંતોની સામાજિક ચેતના' જેવા પુસ્તકો લખ્યા છે.

છત્તીસગઢમાં નક્સલી હુમલામાં બે જવાનો શહીદ

મહારાષ્ટ્ર બોર્ડર સ્થિત ચેક પોસ્ટ પર જંગલમાંથી પહોંચેલા નક્સલીઓએ ડ્યુટી કરતા જવાનો પર ફાયરિંગ કર્યું હતું

રાયપુર, તા.૨૦

છત્તીસગઢના રાજનાંદગાંવમાં એકવાર ફરી મોટી નક્સલી ઘટના સામે આવી છે. નક્સલી હુમલામાં બે જવાન શહીદ થઈ ગયા છે. સમગ્ર મામલો રાજનાંદગાંવ જિલ્લાના બોરતલાવ વિસ્તારનો છે જ્યાં બોરતલાવ નજીક ગોંદિયા મહારાષ્ટ્ર બોર્ડર પર સ્થિત ચેક પોસ્ટ પર ડ્યુટી દરમિયાન અચાનક જંગલમાંથી પહોંચેલા નક્સલીઓએ જવાનો પર ફાયરિંગ કરી દીધુ.

હુમલામાં બે જવાન શહીદ થઈ ગયા છે, જેમાં જવાનોની ઓળખ રાજેશ હવલદાર અને લલિત આરક્ષક તરીકે થઈ છે. ડીએસપી નક્સલ ઓપરેશન અજીત ઓંગરે જણાવ્યુ કે સવારે લગભગ ૮ થી ૮.૩૦ વાગ્યા નજીક જવાનોને બોરતલાવ વિસ્તારના બોરતલાવ ગોંદિયા બોર્ડર પર મોબાઈલ ચેક પોસ્ટ પર તૈનાત કરાયા હતા. વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યુ હતુ. આ દરમિયાન અચાનક નક્સલીઓએ ફાયરિંગ શરૂ કરી દીધુ. ફાયરિંગમાં બે જવાન શહીદ

● અનુસંધાન પાન-૭ પર

છત્તીસગઢમાં કોંગ્રેસના નેતાઓને ઘરે ઈડીના દરોડા

કોંગ્રેસના ખજાનચી, ધારાસભ્ય સહિત તમામ નેતાઓના ઘરે ઈડીની કાર્યવાહીથી ખળભળાટ : આ દરોડા એવા સમયે પાડવામાં આવ્યા જ્યારે રાયપુરમાં ૨૪-૨૬મી દરમિયાન કોંગ્રેસનું મહાઅધિવેશન મળવાનું છે

રાયપુર, તા.૨૦

છત્તીસગઢમાં ઈડીએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. કોલસા લેવી કૌભાંડમાં મની લૉન્ડ્રિંગની ઈડી તપાસ કરી છે.

ઈડીએ કોંગ્રેસના ખજાનચી, ધારાસભ્ય સહિત તમામ નેતાઓને ઘરે દરોડા પાડ્યા હતા. આ દરોડા એવા સમયે પાડવામાં આવ્યા જ્યારે છત્તીસગઢના રાયપુરમાં ૨૪-૨૬ ફેબ્રુઆરી દરમિયાન કોંગ્રેસ પાર્ટીનું મહાઅધિવેશન મળવાનું છે. આ મામલે અકળાયેલા છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યું કે, અદાણીનું સત્ય સામે આવી જતા ભાજપ હતાશ છે, એટલા માટે આ દરોડા લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ છે.

કોલસા લેવી કૌભાંડમાં મની લૉન્ડ્રિંગની તપાસ કરી રહેલી ઈડીએ ૧૨થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા હતા. સુત્રોએ જણાવ્યું કે ઈડી એવા લોકોની તપાસ કરી રહી છે જેમણે વર્તમાન સરકારમાં કોલસા લેવી કૌભાંડમાં ફાયદો ઉઠાવ્યો છે. એવો આરોપ છે કે છત્તીસગઢમાં કોલસા કૌભાંડ થયો છે, જેમાં સીનિયર આઈએએસ, વેપારી, રાજનેતા અને વચેટિયા સામેલ હોવાની આશંકા છે.

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યુ કે, ભારત જોડો યાત્રાની સફળતા અને અદાણીનું

● અનુસંધાન પાન-૭ પર

ઉપેન્દ્ર કુશવાહનું જેડીયુમાંથી રાજીનામું

પટના, તા.૨૦

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે મતભેદના અહેવાલો વચ્ચે, ઉપેન્દ્ર કુશવાહા આજે જેડીયુથી અલગ થઈ ગયા છે. ઉપેન્દ્ર કુશવાહાએ આજે એક પ્રેસ કોન્ફરન્સમાં નવી પાર્ટી રાષ્ટ્રીય લોક જનતા દળની રચનાની જાહેરાત કરી હતી. કુશવાહાએ કહ્યું કે, તેઓ આજથી એક નવી રાજકીય ઈનિંગ શરૂ કરવા જઈ રહ્યા છે. તેમણે જાહેરાત કરી હતી કે, એમએલસી અને જેડીયુ સભ્યપદ પરથી રાજીનામું આપી રહ્યો છું.

તેમને કહ્યું કે, હું ૨ વર્ષ પહેલા જેડીયુમાં જોડાયો હતા. પરંતુ હવે નવી રાજકીય ઈનિંગ શરૂ કરવા જઈ રહ્યો છું. ૨૦૦૫ પછી નીતિશ આ વારસાને આગળ ધપાવી રહ્યા હતા. તેમણે શાસનમાં સારી રીતે કામ કર્યું હતું.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

16g પ્રોટીન

₹31*/ 500 mL

અમૂલ ગોલ્ડ

Amul
The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.

રક્તદાન-મહાદાન

લવ ઈન્ડિયા ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન (લાઈફ)
દ્વારા સંચાલિત
પ્રેમધારા શિશુવિહાર/હાઈસ્કૂલ (ગુજરાત માધ્યમ) માટે

જોઈએ છે શિક્ષકો

રસ ધરાવતા દરેક ઉમેદવારોએ નીચે જણાવેલ સરનામે તા. ૨૮/૨/૨૦૨૩ સુધીમાં નામ, સરનામું, શૈક્ષણિક લાયકાત, ફોન / મોબાઈલ નંબર તેમજ પોતાની સંપૂર્ણ વિગત સાથે અરજી કરવી સાથે પ્રમાણપત્રોની નકલ જોડવી.

વિષય	ધોરણ	લાયકાત
પ્રાયમરી શિક્ષક	કે. જી. થી ૫ માટે	પીટીસી, બી.એ. / બી.એડ.
અંગ્રેજી	૦૫ થી ૧૨ માટે	એ.એમ. બી.એડ.
ગણિત-વિજ્ઞાન	૦૫ થી ૧૦ માટે	બી.એસસી. બી.એડ.
એકાઉન્ટ-આંકડાશાસ્ત્ર	૧૧ થી ૧૨ માટે	એમ.કોમ. બી.એડ.

પ્રેમધારા શિશુવિહાર/હાઈસ્કૂલ
ઈ-૨૩, વિડીયોકોન ઈન્ટરનેશનલ લી.ના મકાનમાં 'ડી-માર્ટ'ની સામે,
જી.આઈ.ડી.સી., સે.૨૬, ગાંધીનગર-૩૦૨૦૨૮
મો. નં. ૯૦૯૯૯૫૨૫૨૯, ૯૭૩૭૬૮૯૩૩૨

siddhrajdevelopers

SIDDHRAJ
ZOEY
3 — 4 BHK FAMILY HOMES

MARKETED BY The Property Shop

FOR SITE VISIT CALL +91 88661 05904 | RANDESAN, GANDHINAGAR

PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/RAA07329/140820 | GUJRERA.GUJARAT.GOV.IN